# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SHORT FILM AWARD

અમદાવાદ ખાતે સપ્તરંગ સોસાયટી દ્વારા શોર્ટ ફિલ્મ મેકર માટે એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે શોર્ટ ફિલ્મોને વિવિધ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.. મુખ્યમંત્રીએ શોર્ટ ફિલ્મના મેકરને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ફિલ્મ નિર્માણના ક્ષેત્રને વધુ વિકસિત બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

# BARODA MANAGEMENT ASSO STARTUP CM

યુવા ઉદ્યોગ સાહસિકો આજે સ્ટાર્ટ-અપ દ્વારા પોતાના નવા વિચારો દેશ અને વિશ્વ સમક્ષ મૂકી રહ્યા છે. વડોદરામાં બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા યોજાયેલા સ્ટાર્ટ-અપ સિનેર્જીમાં ઉદ્યોગ સાહસિકોને સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આમ જણાવ્યું હતું. દરમિયાન તેમણે ઉદ્યોગોના વિકાસ સાથે પર્યાવરણનું જતન કરવાની પણ સલાહ યુવાનોને આપી હતી. આ સ્ટાર્ટ-અપ સિર્નજીમાં 300થી વધુ નવા ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો છે.

મુખ્યમંત્રીએ યુવા ઉદ્યોગકારોના સ્ટાર્ટ-અપમાં જોડાવા અને નાની મોટી મુશ્કેલીઓમાં સરકાર તમારી સાથે હોવાનો પણ વિશ્વાસ આપ્યો હતો. દરમિયાન બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં 5 લાખ 11 હજાર 101 રૂપિયાનો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો હતો.

# MAHESANA- FARMER TRAINING

મહેસાણા જિલ્લામાં બાગાયત મહાવિદ્યાલય, જગુદન ખાતે "શાકભાજીના પાકોની વૈજ્ઞાનિક ખેતી" વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શાકભાજી પાકોના મહત્વ અને વ્યવસ્થાપન તેમજ શાકભાજી

પાકોમાં ગ્રીન હાઉસ ટેકનોલોજી તેમજ વિદેશી શાકભાજીની ખેતી અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ તાલીમ કાર્યક્રમમાં 50થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો.

# NAVSARI TRAINING CENTRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતને કૌશલ્ય કેન્દ્ર બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. આ દિશામાં દક્ષિણ ગુજરાતના યુવાનોને આગળ વધારવામાં નવસારીમાં આવેલું અનિલ નાયક પ્રૌદ્યોગિક તાલીમ કેન્દ્ર નિર્ણાયક ભૂમિકા ભજવશે. ખારેલ ખાતે એ. એમ. નાયક ગ્રામ્ય કૌશલ્ય વિકાસ કેન્દ્રનો શિલાન્યાસ અને તાલીમ કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આમ જણાવ્યું હતું.

શ્રી પટેલે કહ્યું, ‘આ તાલીમ કેન્દ્ર એ શાળા છોડી દેનારા મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવ્યા છે. રાજ્યના યુવાનો રોજગાર વાંચ્છુક નહીં પણ રોજગારદાતા તરીકે આગળ આવે તે સરકારનો ધ્યેય છે.

તેમણે ઉમેર્યું કે, યુવા પેઢી પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અદ્યતન સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે રાજ્યમાં કાર્યરત્ કૌશલ્ય વિકાસ વિશ્વવિદ્યાલયમાં ડ્રૉન, કૃત્રિમ બુદ્ધિમતા સહિત અદ્યતન પ્રૌદ્યોગિક વિજ્ઞાનના વિવિધ અભ્યાસક્રમનો સમાવેશ કરાયો છે.

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસ માટે કેટલાક સ્થળોએ છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના કેટલાંક ભાગો અને દક્ષિણ ગુજરાતમાં છુટાઠવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરીને યલો એલર્ટ જાહેર કરાયું છે.. જ્યારે અન્ય સ્થળોએ વરસાદની કોઇ

આગાહી કરવામાં આવી નથી, જ્યારે આવતીકાલે રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર અને અમરેલી અને દક્ષિણ ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના વડોદરા, છોટાઉદેપુરમાં વરસાદની આગાહી કરી છે.. આ તમામ સ્થળોએ ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની હવમાન વિભાગે શક્યતા દર્શાવી છે.

બીજી તરફ, રાજ્યના કેટલાક વિસ્તારોમાંથી વરસાદ વરસવાના અહેવાલ સાંપડી રહ્યાં છે..

દ્વારકા જિલ્લામાં વરસાદને કારણે તબાહી સર્જાઇ છે.. કલ્યાણપુર, ખંભાળિયા અને દ્વારકા પંથક માં મુશળધાર વરસાદના કારણે જળબંબાકારની સ્થિસીનું નિર્માણ થઇ ગયું છે. સવારથી જ આ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું.....વરસાદ અને તેજ પવનના પગલે વસઇ ગામે ધાર્મિક કાર્યક્રમ માટે ઉભા કરાયેલો  મંડપ ઉડ્યો હતો...પાનેલી, કલ્યાણપુર, સૂર્યાવદર, ભાટિયા, ખંભાળિયા, માંઝા, ભટગામ, સલાયા, રામનગર સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો..જો કે, આ વરસાદને કારણે કપાસ અને મગફળી સહિતના પાકમાં નુકશાન ની ભીતિ છે..

# JAMNAGAR FLIGHT DHAMKI

જામનગર-હૈદરાબાદ ઇન્ડિગોની ફ્લાઈટને ઉડાડી દેવાનો નનામો સંદેશ મળતાં જામનગર પોલીસે ગઈકાલે વિમાનની તપાસ હાથ ધરી હતી. જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, આ ફ્લાઈટમાં બૉમ્બ મુકાયો હોવાનો સંદેશ મળતાં મુસાફરોને વિમાનમાંથી સલામત રીતે બહાર લઈ જવાયા હતા. ત્યારબાદ બૉમ્બ સ્ક્વૉડ, ડો સ્ક્વૉડની મદદથી પોલીસે વિમાનની તપાસ કરી હતી.

આ સંદેશ મળતાં જ ભાવનગર પોલીસનો કાફલો હવાઈમથક પર પહોંચ્યો હતો. મથકના મુખ્ય દરવાજાથી બહારથી આવતા લોકોની અવરજવર પણ બંધ કરવામાં આવી હતી. જોકે, ચાર કલાક બાદ વાંધાજનક કંઈ ન મળતાં વિમાન હૈદરાબાદ માટે રવાના થયું હતું.

## SURENDRANAGAR RESCROSS

ગુજરાત રેડક્રોસ સોસાયટી ગુજરાત અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરેન્દ્રનગર જીલ્લા શાખા દ્વારા આંખોની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણના કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં ૫૦૦ થી પણ વધારે વ્યક્તિઓએ લાભ લીધેલો હતો.. તેમાંથી ૪૫૦ વ્યક્તિને નંબરવાળા ચશ્માં આપવામાં આવ્યા હતા.